# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / ५६४ તા. 22 AUG 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
દેવશીભાઈ વેલાભાઈ ડાભી
રહે,જામપર
તા.કલ્યાણપુર
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૨૦ મોબાઈલ : ૯૭૨૭૪૩૪૫૫૧

**વિષય :** ખેતીવાડીના હેતુસરના એ.જી. કનેક્શનમાં નામ ટ્રાન્સફર કરવા અંગે.
**સંદર્ભ :** દેવશીભાઈ વેલાભાઈ ડાભી ની રજુઆત તારીખ: ૦૪.૦૬.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ 468 તા. 22 AUG 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૭/ક્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી દેવશીભાઈ વેલાભાઈ ડાભી ગામ – જામપર

સબડીવીઝન: કલ્યાણપુર

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારકા

:: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

તારીખ: સોમવાર (૧૮-૦૭-૨૦૨૨)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદારની ઘણી જ માન તથા નમ્રતા પૂર્વક અરજ કે અમો અરજદાર ગુજરાત રાજયના દેવભુમી દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના જામપર ગામે રહીએ છીએ. અને અમારી ફરીયાદ અરજી ટુંક હકિકત નીચે મુજબ છે.

(૧) અમો અરજદારની સ્વતંત્ર કબજા ભોગવટા અને કુલ માલીકીની ખેતીની જમીન કે જે કલ્યાણપુર તાલુકાના જામપર ગામે રે.સ.નં.૪૨૨(જુના રે.સ.નં.૧૯૭/પૈકી ૨) વાળી આવેલ છે. જે ખેતીની જમીનમાં ખેતીવાડીના હેતુસરનું ખેતીવાડી વીજજોડાણ આવેલ હોય જેના ગ્રાહક નંબર – ૮૫૭૦૫/૦૦૮૪૨/૨ છે જે વિજ મીટરનું બીલ હાલમાં ડાભી હીરા વાલાના નામે ચાલે છે.

(૨) સદરહું જામપર ગામની રે.સ.નં.૪૨૨ વાળી ખેતીની જમીન ખેતીવાડી વીજજોડાણ સહીત ડાભી હીરા વાલા પાસેથી અમો અરજદારએ કલ્યાણપુર સબ-રજીસ્ટ્રાર કચેરીના વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૮૫, તારીખ : ૧૦/૦૧/૨૦૨૦ થી ખરીદ કરેલ અને તે સબંધેની વેચાણની નોંધ નંબર : ૨૧૫૯ થી દાખલ થઈ અને પ્રમાણિત થતા અમો અરજદારના સ્વતંત્ર નામે ખાતે આવેલ ત્યારબાદ

અમો અરજદારએ સદરહું ખેતીની જમીનમાં આવેલ ખેતીવાડી વીજજોડાણ નું વિજ બીલ હીરા વાલા ડાભીના નામનું આવતું હોય જેથી અમો અરજદારના નામે વિજ બીલ ટ્રાન્સફર કરવા ગત તારીખ : ૨૩/૦૯/૨૦૨૦ ના રોજ તમામ આધાર પુરાવા સાથે પી.જી.વી.સી.એલ. કચેરી કલ્યાણપુરમાં અરજી કરેલ.જે અરજી અન્વયે પી.જી.વી.સી.એલ.કચેરી કલ્યાણપુરમાં અમોએ પહોંચ નંબર : VW491984 થી રૂા. ૩૦૦/–નામ ટ્રાન્સફરના તથા પહોંચ નંબર : VW491985 થી રૂા.૨૭/ સ્ટેટ જી.એસ.ટી ના તથા પહોંચ નંબર : VW 491986 થી રૂા.૨૭-સેન્ટ્રલ જી.એસ.ટી.ના ભરપાઈ કરેલ જે પહોંચોની નકલ આ સાથે અલગથી દસ્તાવેજી પુરાવાથી રજુ છે.

(૩) ત્યારબાદ પણ સદરહું ખેતીવાડી વીજજોડાણ નું બીલ મુળ માલીક એટલે કે હીરા વાલા ડાભીના નામનું જ આવતું હોય જેથી અમો અરજદાર વખતો વખત સામાવાળાની કચેરી પી.જી.વી.સી.એલ.કલ્યાણપુરમાં ગયેલ ત્યારે ફરજ ઉપરના અધિકારીએ અમોને એમ જણાંવતા કે હવે તમારે આવતી વખતે બીલમાં નામ સુધરી જશે તેમ કરી કરીને નામ ટ્રાન્સફરની ફી ભરપાઈ થયાને આજે ૧ વર્ષ ૯ માસ જેટલો સમય વિતી ગયેલ હોવા છતાં આ કામના સામાવાળા દ્વારા અમારા ખેતીવાડી વીજજોડાણ ની નામ ટ્રાન્સફર અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.અને અમોએ વખતોવખત આ કામના સામાવાળાની કચેરીમાં મુલાકાત લઈ રજુઆત/ ફરીયાદ કરેલ પરંતુ આ કામના સામાવાળાઓ કોઈ ધ્યાન આપતા નથી. અને અમારી રજુઆત/ફરીયાદ અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) નિયમ મુજબ નામ ટ્રાન્સફરની રકમ ભરપાઈ થયે તુરંત નામ ટ્રાન્સફરની કાર્યવાહી કરવાની હોય જેથી સમયમર્યાદામાં કામગીરી ના કરી આપી અને અમોને વારંવાર ધકકા ખવડાવી આર્થિક નુકશાની કરેલ છે અને માનસીક દુઃખ થયેલ છે. અને અમોને પી.જી.વી.સી.એલ.કચેરી-કલ્યાણપુરમાં અનેક વખત ધકકા ખાઈ મૌખીક જાણ/રજુઆત કરેલ કે અમોને એ.જી. કનેકશનના વિજ બીલ માં નામ ટ્રાન્સફર કરી આપો તો પી.જી.વી.સી.એલ.-કલ્યાણપુરના સ્ટાફ કર્મચારી દ્વારા અમોને મૌખીક રીતે જણાવવામાં આવેલકે હાલમાં અમારે બીજું કામ છે ટાઈમ મળશે ત્યારે તમોને કામ કરી આપશું

(૫) અમોને સમયમર્યાદામાં ખેતીવાડી વીજજોડાણ નું વિજ બીલમાં નામ ટ્રાન્સફર કરી આપેલ ના હોય અમારી સામે સામાવાળા ગેરકાયદેસર રીતે અંગત ખારખેદ રાખી અમોને ૧ વર્ષ ૯ માસથી વીજ બીલમાં નામ ટ્રાન્સફર કેમ કરી આપતા નથી તે અમોને સમજાતું નથી કે પી.જી.વી.સી.એલ. દ્વારા અમોને અમારા કોઈ પણ જાતના વાંક કે ગુના વગર આશરે છેલ્લા ૧ વર્ષ ૯ માસથી યેનકેન પ્રકારે હેરાન કરી અને ખોટા વિશ્વાસ અને ખાતરી આપી ખોટા કારણો બાના બતાવી અમોને નામ ટ્રાન્સફર કરી આપતા નથી અને અમારા માંગણી મુજબ કામ કરી આપતા નથી.અને અમોને માનસીક રીતે દુઃખ,ત્રાસ પહોંચાડેલ છે.

(૬) અમો ગામડાના અને અભણ તથા કાયદાથી અજ્ઞાન હોય અમોએ સપ્ટેમ્બર –૨૦૨૦ માં નામ ટ્રાન્સફરની ફી ની રકમ ભરપાઈ કરેલ હોવા છતા અમોને આજદીન સુધી વીજબીલમાં નામ ટ્રાન્સફર કરી આપવામાં આવેલ નથી.

(૭) વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(અ) પી.જી.વી.સી.એલ.કચેરી–કલ્યાણપુર અમોને ખોટી રીતે હેરાન,પરેશાન કરી કયા કારણોસર ખેતીવાડી વીજજોડાણ ના વિજ બીલમાં નામ ટ્રાન્સફર કરવામાં આવેલ નથી તે અંગેનો લેખીત ખુલાસો અપાવવો.

(બ) અમોને હેરાન કરવા બદલ તથા સમયમર્યાદામાં ખેતીવાડી વીજજોડાણ ના વિજ બીલમાં નામ ટ્રાન્સફર કરી આપેલ ના હોય જેથી મને માનસીક,આર્થીક નુકશાન બદલ અમોને મળવાપાત્ર વળતર પી.જી.વી.સી.એલ.કચેરી કલ્યાણપુર ભરપાઈ કરી આપે.

(ક) અમોને સમયમર્યાદામાં ખેતીવાડી વીજજોડાણ ના વિજ બીલમાં નામ ટ્રાન્સફર ના કરી આપેલ હોય જેથી પી.જી.વી.સી.એલ.કચેરી–કલ્યાણપુરના જવાબદાર કર્મચારી વિરૂધ્ધ કાયદેસરની ખાતકીય કડક કાર્યવાહી કરવી તેમજ અન્ય કામગીરીનું નીરીક્ષણ કરી વધારાના પગલા ભરવા અંગે.

(ડ) તેમજ ન્યાયનું વિશાળ હિત જળવાઈ રહે તે માટે મળવાપાત્ર તમામ દાદ આપવી.

(૮) આ ફરીયાદ અરજી સાથે જરૂરી આધારપુરાવાઓ,ડોકયુમેન્ટસ લીસ્ટ ૨૪, સરનામા યાદી છે. જરૂરીયાત ઉપસ્થિત થયે વધારે પુરાવા રજુ કરવાનો હકક અબાદીત રાખીએ છીએ. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ દેવશીભાઈ વેલાભાઈ ડાભી ના ખેતીવાડી હેતુના વીજ જોડાણ મા નામ ટ્રાન્સફર કરવા બાબતની ફરિયાદ નુ વિગતવાર અહેવાલ સંદર્ભ પત્ર નં-ર થી નાયબ ઈજનેર કલ્યાણપુર ના અહેવાલ આ સાથે સામેલ છે જેમાં સદર ફરિયાદીનું ક્વોટેશન તા:૨૦.૦૬.૨૦૨૨ ના રોજ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ થયેલ તથા સદર દિવસે જ એગ્રીમેન્ટ તથા ટેસ્ટ રિપોર્ટ રજૂ કરી દીધેલ હોય સદર કામગીરી પૂર્ણ થતા સદર અરજદાર ની ફરિયાદ નો સંતોષ કારક નિરાકરણ લાવેલ છે. જેની પુરસીસ આ સાથે સામેલ છે અને ફરિયાદી ની ફરિયાદ નો સંતોષ કારક નિકાલ આવેલ છે.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે.અને તા. ૨૦.૦૬.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની કલ્યાણ પુર પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દેવભુમી દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૦.૦૬.૨૦૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડ્યા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

Consumer Grievance Redressal Forum ★ P.G.V.C.L. Junagadh